

# આદર્શસેવા

એકવાર ચર્નિરોડ સ્ટેશનની સામે આવેલા લાડ હાઉસમાં આવેલા ડૉ. ખેરને ત્યાં હું દાંત બેસાડાવા ગયેલો. દાંતનું માપ આપી હું નીચે ઊતર્યો, ત્યાં દરવાજા પાસેથી જ મેં મારા વેપારી મિત્ર અઝીઝભાઈને એક વૃદ્ધાને દેખાવે મારવાડી જેવાં લાગતાં માજીને હાથ પકડીને દોરી આવતા જોયા. મેં તેમને સલામ કરીને આશ્ચર્ય સાથે 'એ માજી કોણ છે ને તેઓ ક્યાં જાય છે' વગેરે પૂછયું.

તેમણે ઉતાવળે જવાબ આપ્યો :

'માજીને બતાવવા ડૉક્ટર સાથે એપોઈન્ટમેન્ટ લીધી છે, એટલે અત્યારે તો ઉતાવળ છે, તેથી હમણાં નહીં પણ કાલે મળીશ ત્યારે બધી વાત વિગતથી જણાવીશ.'

બીજે દિવસે બજારમાં મેં એમને શોધી કાઢયા, અને આગલા દિવસની વાત પૂછી.

તેમણે વાતની નીચે પ્રમાણે રજૂઆત કરી : 'ભાઈ,ગઈ કાલે તમે મારી સાથે જે માજી જોયાં તે વર્ષોથી ભીવંડીમાં અમારા વિસ્તારમાં રહેતા ભૂરાલાલની મા છે. છેલ્લા ત્રણચાર મહિનાથી એમની આંખે ઝાંખપ આવી છે ને સાથે બીમારીએ પણ ઘેરો ઘાલ્યો. આ વાતની મને ખબર પડવાથી હું એમને ઘેર ખબર કાઢવા ગયો. માંદગીની ગંભીરતા જોઈ મોટા ડૉક્ટરને બતાવવા મુંબઈ લઈ આવ્યો. ડૉક્ટરની સૂચનાથી તેમને 'સીટી–કિલનીક'માં દાખલ કરી દવા શરૂ કરાવી છે.'

મેં પૂછયું : 'પણ અઝીઝભાઈ, એમનાં કોઈ સગાસંબંધી નથી કે આપને એટલી બધી તકલીફ લેવી પડી ?'

એમણે બધી વાત વિગતથી કરી : 'ભૂરાલાલભાઈ તથા તેમનાં પત્ની તો લાંબા સમયથી અવસાન પામ્યાં છે. જુવાનજોધ તેમનો નાનો ભાઈ છે, પણ તે સાવ રખડુ છે. તેને ઘર કે મા કશાની પડી નથી ને કશાનું ધ્યાન રાખતો નથી. ભૂરાલાલભાઈએ ભાડાની જગ્યા લઈ પતરાંની બેત્રણ નાની ખોલી બંધાવેલી છે, જેનું ભાડું આવે છે. એમાંથી આ વૃદ્ધા પોતાનું તથા પુત્રનું જેમતેમ ભરણપોષણ કરે છે. આજાબાજુ રહેતા બધા પોતપોતાની જંજાળમાં એટલા બધા રચ્યાપચ્યા રહે છે કે આ ડોસીની સારસંભાળ લેવાનો કોઈને વિચાર સુદ્ધાં આવતો નથી. તેની ગંભીર બીમારીના સમાચાર સાંભળતાં જ હું ત્યાં ગયો ને ચિંતાજનક પરિસ્થિતિ જોઈ તેમને મારે ઘેર લાવી, અમારા ડૉક્ટરને બતાવ્યાં. એમણે તેમને 'હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી અને થાણા હોસ્પિટલમાં દાખલ કરવાની સત્તાવાળાઓ પર ચિઠ્ઠી લખી આપી.'

'થાણા હોસ્પિટલમાં તેમને લઈ જવાની તૈયારી કરતો જ હતો કે મારી પત્ની જે પડદાનશીન છે ને ભાગ્યે જ ઘરમાંથી બહાર નીકળે છે. તેણે મને કહ્યું :

'હમ જબ કિસીકી ભલાઈ કરેંગે તો પૂરી કરેંગે. હમારે, અપને કોઈ બીમાર હોતે હૈં તો હમ ઉનકા ઈલાજ અચ્છે સે અચ્છે ડૉક્ટર સે કરવાતે હૈં, તો ઈસ બિચારી બુઢિયા કો ભી ક્યોં નહીં ! ભલે રૂપયે ૫૦૦–૧૦૦૦ ઈસમેં લગ જાય. મગર ઉનકો કોઈ નામી ડૉક્ટરકો દિખલાઈએ. ચાહે તો મૈં પૈસે અપને પલ્લેસે નિકાલૂંગી.'

'પત્નીની આ હમદર્દીભરી વાણી સાંભળી, મેં પણ વિચાર ફેરવ્યો અને વૃદ્ધાની સારી રીતે ચાકરી કરવાને માટે, તેમની ઘણી આનાકાની છતાં, મુંબઈ 'એક્સપર્ટ'ને (નિષ્ણાત ડૉક્ટર) બતાવવા લઈ આવ્યો. ૧૦–૧૫ દિવસ 'નર્સીંગ હોમ'માં રહેવું પડશે ને માજીની આંખ તથા શરીર બન્ને સારાં થઈ જશે એવો એ ડૉક્ટરનો અભિપ્રાય છે.'

વાતવાતમાં મેં તેમને આકોલા મીલનો તેઓ જે ભંગારનો સોદો કરવાના હતા તેનું શું થયું તે પૂછયું. એમણે નમ્રતાથી જવાબ આપ્યો : 'ઘણો જ ફાયદામંદ એ સોદો હતો. પણ માજીની બીમારીને કારણે મેં ત્યાં જવાનું જ માંડી વાળ્યું ને એ સોદો જતો કર્યો . ભાઈ, પૈસા કમાવાના તો ઘણા મોકા આવે જ છે, પણ કોઈની દુઆ મેળવવાનો સંજોગ તો ક્વચિત મળે છે.' તેમણે આનંદથી ઉમેર્યું.

પછી તેમણે 'હોસ્પિટલ' માં જવામાં વિલંબ થાય છે' એમ જણાવી વિદાય લીધી. ને.... હું એ આખા પ્રસંગને ફરી મનમાં વિચારતો રહ્યો.

**લેખક : શાંતિલાલ બોલે**